**આંક:–૩૫**

**<u>મે.મજુર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસર સાહેબશ્રી સમક્ષ</u>**

**<u>રેફરન્સ (ડી) કેસ નં. ૪૩/ ૨૦૧૩</u>**

**પ્રથમ પક્ષકારો :–** (૧) **શ્રી અંબીકા ગાસ્કેટ પ્રા. લી.**
૩૦૧, ભિક્ષુક ગૃહ પાસે, ઓઢવ,
અમદાવાદ
(૨) **શ્રી અંબિકા ઈન્ડસ્ટ્રીઝ,**
૧૦૮, એલ ટાઈપ, જી.આઈ.ડી.સી.
નારી સંરક્ષણની બાજુમાં, ઓઢવ, અમદાવાદ.
(૩) **એચ.એલ. પરીખ ટ્રેડલીંક**
૩૦૧, ભિક્ષુક ગૃહ પાસે, ઓઢવ,
અમદાવાદ

**<u>–: વિરૂધ્ધ :–</u>**

**બીજા પક્ષકાર :–** **તેમાં કામ કરતા કામદારો રીપ્રેઝન્ટેડ બાય**
**ગુજરાત ઔદ્યોગિક કામદાર મહામંડળ,**
ઠે. ૪૯૨/૨૯૫૦, ગુજરાત હાઉસીંગ બોર્ડ
બાપુનગર, અમદાવાદ.

બાબત:– ઔદ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ હેઠળ ન્યાય નિર્ણય બાબત.

પ્રથમ પક્ષકારો તરફે :– વિદ્વાન વકીલ શ્રી વી.વી.ઠાકર
બીજા પક્ષકાર તરફે :– વિ.પ્રતિનિધીશ્રી સી.આર. ચૌધરી

**–:: એ વો ર્ડ ::–**

**(૧)** નાયબ શ્રમ આયુકતશ્રી, અમદાવાદની કચેરીના પત્ર ક્રમાંક: નાશ્રઆ/ટે–૧૬/ /આઈડીઆર/એજે–૨૭૯/૧૩/૩૩૨૫૦ થી ઔધોગિક વિવાદ અધિનિયમ,૧૯૪૭ ની કલમ–૧૦(૧) અન્વયે હાલનો રેફરન્સ (ડીમાન્ડ) ન્યાય નિર્ણય અર્થે મજૂર અદાલત અમદાવાદને મોકલી આપવામાં આવેલ છે. જેની અનુસુચિમાં જણાવ્યા મુજબ સંસ્થામાં કામ કરતા કામદારોને પરીશીષ્ટ–અ ની ચાર્ટર ઓફ ડીમાન્ડ ચુકવી આપવી કે કેમ?

પરિશિષ્ટ – અ

**૧)** આ સાથે નીચે મુજબના કામદારોની તેમના નામની સામે સામાવાળા સંસ્થાઓએ આપેલ ઓળખપત્રમાં જે દાખલ તારીખ દર્શાવવામાં આવેલી છે તે તદ્દન ખોટી છે તેની જગ્યાએ નીચે જણાવેલ સાચી દાખલ તારીખ સાથેના ઓળપત્રો ઈસ્યુ કરવા જણાવેલ છે.

| ક્રમ | કામદારનું નામ | આઈ કાર્ડની દાખલ તારીખ | સાચી દાખલ તારીખ |
|---|---|---|---|
| ૧ | વિપુલ પ્રહલાદભાઈ ચૌહાણ | ૧/૧૦/૨૦૦૫ | ૧/૪/૨૦૦૧ |
| ૨ | પ્રવિણ ભાઈ મફતભાઈ પરમાર | ૧/૭/૨૦૦૭ | ૨૩/૧૨/૦૨ |
| ૩ | ઝાલમસિંહ ભાવસિંહ જાલા | ૧/૫/૨૦૧૦ | ૧/૧/૨૦૦૮ |
| ૪ | જીતેન્દ્ર હીરાભાઈ મકવાણા | ૧/૧૧/૧૯૯૫ | ૧/૧/૧૯૯૦ |
| ૫ | નરેશભાઈ દાનાભાઈ સોલંકી | ૧/૭/૨૦૦૩ | ૧/૩/૧૯૯૬ |
| ૬ | દિલીપ રામજીભાઈ સાંસિયા | ૧/૧૨/૨૦૧૧ | ૧/૫/૨૦૦૬ |
| ૭ | અરવિંદભાઈ કેશવભાઈ પરમાર | ૧/૧૨/૨૦૧૦ | ૧/૧/૨૦૦૯ |
| ૮ | નટવરભાઈ હરિભાઈ પરમાર | ૧/૧૨/૧૯૯૮ | ૧/૧/૧૯૯૫ |
| ૯ | અરૂણ ભાઈ જનાર્દનભાઈ સોની | ૧૯/૧૧/૧૯૮૪ | ૧/૧/૧૯૮૦ |
| ૧૦ | રણજીતસિંહ ભાવસિંહ ઝાલા | ૧/૧૨/૨૦૧૧ | ૧/૪/૨૦૦૬ |
| ૧૧ | ભરતભાઈ જાવાભાઈ મહેરૂ | ૧/૧૨/૧૯૯૮ | ૭/૬/૧૯૯૧ |
| ૧૨ | કેતનભાઈ મહેન્દ્રભાઈ પંચાલ | ૧/૫/૨૦૧૦ | ૧/૧/૨૦૦૮ |
| ૧૩ | કિરીટસિંહ પ્રભાતસિંહ ઝાલા | ૧/૧૦/૨૦૦૬ | ૧/૧/૨૦૦૬ |

૨) સામાવાળા સંસ્થામાં કામ કરતા કામદાર શ્રી દિલીપભાઈ રામજીભાઈ અને રણજીતસિંહ ભાવસિંહ પાસેથી ડિસે–૨૦૧૧ માં સામાવાળા સંસ્થા દ્વારા ધાક ધમકી અને બળજબરીથી રાજીનામાં લઈ તેઓને હાલમાં એચ.એ.પરીખ ટ્રેડલીંગમાંથી અંબિકા ઈન્ડસ્ટ્રીઝમાં સમાવી લેવામાં આવેલ છે તો તેઓની પાસેથી લેવામાં આવેલ રાજીનામા રદ કરી તેઓની સળંગ નોકરીના અત્યારસુધીના વર્ષો પ્રમાણે ૩૦ દિવસ પ્રમાણે તેઓને તાત્કાલિક દિન–૭ માં ૧૦ ટકા વ્યાજ સહિત વળતર ચુકવી આપવું.

(૨) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી **સામાવાળા** તરીકે અને બીજા પક્ષકારને **અરજદાર** તરીકે સંબોધવામાં આવશે.

(૩) આંક–૩ થી આ કામના અરજદાર તરફે રજુ કરેલ માંગણાના નિવેદનની ટુકમાં હકીકત એવી છે કે, અરજદાર યુનીયન કામદારોના ટ્રેડ યુનીયન એકટ હેઠળ નોંધાયેલ કામદારોનું રજીસ્ટર્ડ યુનીયન છે અને સામાવાળા સંસ્થાઓમાં કામ કરતા કામદારો આ યુનીયનના બોનાફાઈડ સભ્યો છે અને તેથી તે કામદારો વતી ન્યાયી અને વાજબી માંગણીઓ મુકવાનો અરજદારને કાયદેસરનો અધિકાર હોવાનું જણાવેલ છે. વધુમાં સામાવાળા સંસ્થાઓ એન્જીનીયરીંગ ઉદ્યોગમાં રોકાયેલી સંસ્થા છે જેમાં એરકોમ્પ્રેસર ગાસ્કેટ બનાવવામાં આવે છે જેમા વાઉચર ઉપરના કામદારો મળીને આશરે કુલ ૩૦ જેટલા

કામદારો નોકરીની ફરજો બજાવે છે અને સંસ્થાને વિવિધ મજુર કાયદાની જોગવાઈઓ જેવી કે આઈ.ડી.એકટ, મીનીમમ વેજીસ એકટ, ફેકટરી એકટ, પેમેન્ટ ઓફ બોનસ એકટ, પી.એફ. એકટ અને સ્કીમ, ઈ.એસ.આઈ. એકટ અને સ્કીમની જોગવાઈઓ કાયદેસર રીતે લાગુ પડે છે અને તે તમામ જોગવાઈઓનુ પાલન કરવાની સામાવાળા સંસ્થાની કાયદેસરની ફરજ અને જવાબદારી હતી અને છે. વધુમાં અરજદાર કામદારો વતી યુનીયન તા.૬/૬/૧૨ ના પત્ર દ્વારા એક ચાર્ટર ઓફ ડીમાન્ડ મોકલાવેલ જેનો સામાવાળા સંસ્થાઓ દ્વારા કોઈ જવાબ આપવામાં ન આવતા અને તે અંગે દિવસ ૭ માં યુનીયન સાથે ચર્ચા વિચારણા યા વાટાઘાટો કરી તેનો નિકાલ લાવવા જણાવેલ જે નોટીસ યા પત્રનો સામાવાળા સંસ્થાઓએ કોઈ જવાબ આપેલ નથી યા તેમાં જણાવ્યા પ્રમાણેનું વર્તન પણ કરવામાં આવેલ નથી જેથી અરજદારે તા.૬/૮/૧૨ ના પત્ર દ્વારા સદર બાબતમાં દરમીયાનગીરી કરવા મદદનીશ મજુર કમિશ્નરશ્રી સમક્ષ વિનંતી કરેલ જેના અનુસંધાનમાં સામાવાળા સંસ્થાઓનો સાથ સહકાર ન આપતા સદર કામ અત્રેની અદાલતને ન્યાય નિર્ણય માટે રીફર કરવામાં આવેલ છે અને અરજદારની માંગણીઓ નીચે મુજબ રજુ કરેલ છે.

માંગણી:-૧

પરીશીષ્ટ-અ મુજબના કામદારોની તેમના નામની સામે સામાવાળા સંસ્થાઓ દ્વારા જે ઓળખપત્ર આપવામાં આવેલ તે ઓળખપત્રમાં જે દાખલ તારીખ આપવામાં આવેલ છે તે તદ્દન ખોટી છે તેની જગ્યાએ પરીશીષ્ટ-અ માં જણાવેલ સાચી દાખલ તારીખ સાથેના ઓળખપત્ર ઈસ્યુ કરવા અંગે.

જેમાં પરીશીષ્ટ-અ મુજબના કામદારોને તેમના નામની સામે દર્શાવેલ સાચી દાખલ તારીખવાળા ઓળખપત્ર આપવામાં આવેલ નથી પરંતુ ઉપરોકત તમામ કામદારો ભેગા, અંકસંપ થઈ યુનીયનમાં જોડાતા અને યુનીયન દ્વારા ફેકટરી ઈન્સ્પેકટર શ્રી તેમજ મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરીને તેમની સમસ્યાઓ અંગે ફરીયાદ કરતા ફેકટરી ઈન્સ્પેકટર શ્રી દ્વારા સામાવાળા સંસ્થાઓની મુલાકાત લેવામાં આવતા સામાવાળા સંસ્થાઓઓ દ્વારા માત્ર રેકર્ડ ઉપર ફેકટરી ઈન્સ્પેકટર શ્રી દ્વારા આપવામાં આવેલ નોટીસનુ પાલન કરવામાં આવેલ છે તેમ બતાવવા સામાવાળા સંસ્થાઓ દ્વારા કામદારોને ખોટી દાખલ તારીખ વાળા ઓળખપત્ર ઈસ્યુ કરવામાં આવેલ છે હકીકતમાં તમામ કામદારોની સાચી દાખલ તારીખ ઉપર જણાવ્યા મુજબની છે તેમ છતાં સામાવાળા સંસ્થાઓ દ્વારા જાણી જોઈને અરજદારોને ઉપરોકત ખોટી દાખલ તારીખ વાળા ઓળખપત્ર ઈસ્યુ કરવામાં આવેલ છે સામાવાળા સંસ્થાઓ દ્વારા ખોટા ઓળખપત્ર ઈસ્યુ કરતી વખતે આ કેસનાં સંબંધીત કામદારોને તે અંગે કોઈપણ જાતની જાણ પણ કરેલ નથી કે કોઈપણ જાતની માહીતી પુરી પાડેલ નથી.

માત્ર રેકર્ડ ઉપર ફેકટરી ઈન્સ્પેકટરશ્રીની તપાસનુ પાલન કરવામાં આવે છે તે બતાવવા માટે સદર દસ્તાવેજો ઉભા કરવામાં આવેલા છે. સામાવાળા સંસ્થાઓઓ દ્વારા ઉપરોકત તારીખ વાળા ઓળખપત્ર ઈસ્યુ કરતી વખતે કામદારોને તે અગાઉના સમયની નોકરીના કોઈપણ જાતના હકકો, લાભો આપવામાં આવેલા નથી કે તે અગાઉની નોકરી સળંગ ગણાશે તેવી કોઈ પણ જાણ પણ કરવામાં આવેલ નથી ફેકટરી એકટની જોગવાઈઓ મુજબ સંસ્થાએ દરેક કામદારને તે નોકરીમાં દાખલ થાય તે તારીખથી ઓળખ પત્ર આપવુ ફરજીયાત છે તેમ છતાં સંસ્થા દ્વારા ફેકટરી એકટની જોગવાઈઓનો ભંગ કરીને તેમજ કામદારોને નવી દાખલ તારીખવાળા ઓળખપત્ર ઈસ્યુ કરીને કામદારોને હળહળતો અન્યાય કરેલ છે કારણ કે જો કામદારો ભવિષ્યમાં નિવૃત્ત થાય કે સંસ્થા તેમને છુટા, રીટ્રેંચ કે બરતરફ કરે તો તે સંજોગોમાં તેમની નોકરીના વર્ષો ઓછા ધ્યાને લેવામાં આવે જેથી તેમને મળવા પાત્ર વળતર ઘટી જાય તે સંજોગોમાં કામદારને આટલા વર્ષોની નોકરી પછી પણ પુરતો હકક મળી શકે નહીં અને કામદારે નિવૃત્તિ કે છુટા થવાના સમયે પણ તેને મળેલ ઓછા હકકો અંગે કાયદેસરની લડાઈ આપવી પડે. તે સંજોગોમાં કામદારોને અન્યાય ન થાય તે માટે દરેક કામદારને તેમની સાચી દાખલ તારીખવાળા ઓળખપત્ર ઈસ્યુ કરવા ન્યાયના હિતમાં જરૂરીયાત છે આથી અરજદારની સદર માંગણી ન્યાયી અને વાજબી હોવાનું જણાવેલ છે.

માંગણી નં. ર

સામાવાળા સંસ્થાઓમાં કામ કરતા કામદાર શ્રી દિલીપભાઈ રામજીભાઈ અને રણજીતસીંહ ભાવસીંહ પાસેથી ડીસેમ્બર–ર૦૧૧ માં સામાવાળા સંસ્થાઓ દ્વારા ધાક–ધમકી અને બળજબરીથી રાજીનામાં લઈ તેઓને હાલમાં એચ.એલ. પરીખ ટ્રેડલીંકમાંથી અંબિકા ઈન્ડસ્ટ્રીઝમાં સમાવી લેવામાં આવેલ છે તો તેઓની પાસેથી લેવામાં આવેલ રાજીનામા રદ કરી તેઓની સળંગ નોકરીના અત્યાર સુધીના વર્ષો પ્રમાણે ૩૦ દિવસ પ્રમાણે તેઓને તાત્કાલીક ૧૦ ટકા વ્યાજ સહિત ૩ ગણા કોમ્પસેન્સેશન સહિત વળતરની રકમ ચુકવી આપવી તેવી માંગણી ન્યાયી અને વ્યાજબી હોવાનું જણાવેલ છે. અરજદાર કામદારો જયારથી યુનીયનનાં સભ્ય થયા અને તેની જાણ સામાવાળા સંસ્થાઓને થઈ ત્યારથી સામાવાળા સંસ્થાઓ એક યા બીજી રીતે કામદારોને હેરાન પરેશાન તંગ કરવાનું શરૂ કરેલ છે જેથી કામદારો હારી, થાકી, કંટાળીને યુનીયનમાંથી રાજીનામુ આપી દે અને સામાવાળા સંસ્થાઓની મરજી મુજબ કામ કરે તેમ છતાં કામદારો એક સંપ થઈ સામાવાળા સંસ્થાઓના સંચાલકોના બદઈરાદાને સફળ થવા ન દેતા કામદારોની એકતામાં તેમજ શાંતિમાં ભંગ કરવાના બદઆશય અને બદઈરાદાથી એક યા બીજી રીતે વ્યકિતગત રીતે કામદારોને હેરાન પરેશાન કરવાનુ ચાલુ

કરવામાં આવેલ અને યુનીયન તોડી પાડવાના ષડયંત્રના ભાગરૂપેજ યુનીયનનાં સક્રીય સભ્ય એવા દીલીપભાઈ રામજીભાઈ અને રણજીતસીંહ ભાવસીંહ પાસેથી સામાવાળા સંસ્થાઓના સંચાલકોએ ડીસે–૨૦૧૧ માં ધાકધમકી અને બળજબરીથી રાજીનામા લઈ હાલમાં તેઓને એચ.એલ. પરીખ ટ્રેડલીંકમાં અંબિકા ઈન્ડસ્ટ્રીઝમાં સમાવી લેવામાં આવેલા છે સદર લેવામાં આવેલ કહેવાતા રાજીનામા અરજદાર કામદારોની તદ્દન ઈચ્છા અને મરજી વિરૂધ્ધના, ધાક–ધમકી અને દબાણથી લેવામાં આવેલા છે જે તદ્દન ગેરકાયદેસર, ગેરવાજબી, અયોગ્ય, અન્યાયી અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંતો વિરૂધ્ધનું છે આથી સદર કહેવાતા રાજીનામા જે આ કામના અરજદાર કામદાર દીલીપભાઈ અને રણજીતસીંહને કબુલ મંજુર ન હોય તે રદ કરી તેઓની નોકરીના અત્યાર સુધીના વર્ષો પ્રમાણે ૩૦ દિવસ પ્રમાણે તેઓને તાત્કાલીક દિન ૭ માં ૧૦ % વ્યાજ સહિત વળતર ચુકવી આપવુ નહીંતર ૭ દિવસ પછી ૩ ગણા કોમ્પન્સેશન સહીત ચુકવી આપવુ તેવી યુનીયનની માંગણી ન્યાયી, વાજબી અને કાયદેસરની છે કારણ કે જો ભવિષ્યમાં સામાવાળા સંસ્થાઓ એવો બચાવ લે કે ઉપરોકત બંને કામદારોએ રાજીનામુ આપીને જતા રહેલા છે અને એચ.એલ. પરીખ ટ્રેડલીંકમાં નવેથી લેવામાં આવેલ છે તો તે સંજોગોમાં કામદારોને તેમણે કરેલ પાછલી નોકરીના હકકોથી વંચિત રહેવુ પડે વધુમાં સંસ્થા તેઓને નવા ભરતી કરાયેલા કામદારો દર્શાવીને પણ સીન્યોરીટીના હિસાબે મળવા પાત્ર પગાર, ભથ્થા, સવલતો, લાભોથી વંચિત રાખી શકે જયારે કામદારોએ રાજીનામુ આપેલ જ ન હોય તેમજ તે કહેવાતુ રાજીનામુ મંજુર કરવામાં આવેલ હોય તેની જાણ પણ કામદારોને આજદિન સુધી લેખિતમાં કરવામાં આવેલ ન હોય તો તે કહેવાતુ રાજીનામુ રદ થવાને પાત્ર છે તેથી અરજદારની આ માંગણી ન્યાયી, વાજબી અને કાયદેસરની છે. સામાવાળા સંસ્થાઓ વર્ષો જુની સંસ્થા છે અને તેની પ્રગતિ અને વિકાસમાં કામદારોનો ફાળો મહત્વનો અને અગત્યનો છે સામાવાળા સંસ્થાઓની આર્થિક સ્થિતિ એટલી તો સંગીન, સધ્ધર અને મજબુત છે કે સંસ્થા અરજદારની તમામ માંગણી સ્વીકારી લે તો તેનાથી પડનારો આર્થિક બોજો સંસ્થા સહેલાઈથી સહન કરી શકે તેમ છે જેથી અરજદારની આ માંગણી ન્યાયી અને વાજબી હોવાનું જણાવી પેરા – ૭ માં દાદ માંગેલ છે કે, (અ) સામાવાળા સંસ્થાઓ અરજદાર યુનીયનની આ સાથેના પરીશીષ્ટ–બ મુજબની માંગણીઓ સ્વીકારી લે તે મુજબનો એવોર્ડ કરવા તથા (બ) બીજી યોગ્ય અને વાજબી લાગે તે દાદ અપાવવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા નં.૧ તરફે આંક–૧૨ થી લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારને આ કે આવો રેફરન્સ કરવાનો કોઈ હકક કે અધિકાર નથી તેથી આ રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં અરજદાર યુનીયન એ માન્યતા ધરાવતુ યુનીયન ન હોય કહેવાતી માંગણીઓ કરવાનો હકક કે અધિકાર

ન હોય આ રેફરન્સ ડીમાન્ડ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં નામ. અદાલતને આ કે આવો રેફરન્સ ડીમાન્ડ ચલાવવા માટે કોઈ હકુમત ન હોય આથી રેફરન્સ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં અરજદાર યુનીયને આ રેફરન્સ સમય મર્યાદા બહાર કરાવેલ હોય આથી પણ આ રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં અરજદારને આ કે આવો ડીમાન્ડ રેફરન્સ કરાવવા કોઈ એકઝીસ્ટીંગ રાઈટ ના હોય આથી આ રેફરન્સ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં આ કામના મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડતો હોય તેથી પણ આ રેફરન્સ રદ થવાને પાત્ર છે. અરજદાર યુનીયનને આઈ.ડી. એકટની જોગવાઈઓ વિરૂધ્ધ આવી કહેવાતી માંગણી કરેલી હોય જે કાયદાકીય રીતે ચાલી શકે તેમ ન હોય રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે વધુમાં અરજદાર યુનીયનમાં સામાવાળા નં.૧ સંસ્થામાં કામ કરતા કોઈ જ કામદારો જોડાયેલા નથી આથી આવા કોઈ કહેવાતા કામદારોની કોઈ લેખીત સંમતિ વગર આ કામના કહેવાતા યુનીયનને આ ડીમાન્ડ મુશ્કેલી છે જે કાયદેસર ચાલી શકે તેમ ન હોય રદ થવાને પાત્ર હોવાનું જણાવી પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે કે સામાવાળા નં.૧ અને અરજદાર વચ્ચે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની જોગવાઈ ૨ (કે) મુજબની ડેફીનેશનમાં કેટલાક કામદારો આવતા ના હોય માટે આ રેફરન્સ ચાલી શકે તેમ ના હોય માટે રદ થવાને પાત્ર છે. વધુમાં પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે કે અરજદારે સામાવાળા નં.૧, ૨ અને ૩ સામે સદર કેસ કરેલ હોય આથી આવી કોઈ કાયદાકીય જોગવાઈ નથી કે અલગ અલગ યુનીટ અને અલગ અલગ પ્રોડકશન અને અલગ અલગ જગ્યાએ આવેલી કંપનીમાં કે સંસ્થામાં અલગ અલગ કામદારો એક સાથે જુદી–જુદી કંપનીઓ સામે એકસરખી દાદ માંગે તેવી કોઈ કાયદાકીય જોગવાઈ ન હોય આથી સદર કેસનો ન્યાય નિર્ણય કરતા પહેલાં આ બાબતે અરજદારે તેની કાયદાકીય સ્પષ્ટતા કર્યા બાદ જ અન્ય મુદ્દાઓ ઉપર ન્યાય નિર્ણય થઈ શકે કારણ કે આ કામના અરજદારે શ્રી અંબિકા ગાસ્કેટ પ્રા.લી. કે જે પ્લોટ નં.૩૦૧, ભિક્ષુક ગૃહની પાસે, નારી સરંક્ષણ ગૃહની બાજુમાં, ઓઢવ, અમદાવાદમાં અરજદારો નટવરભાઈ હરીભાઈ પરમાર, ભરતભાઈ જાવાભાઈ મહેરૂ, કેતન મહેન્દ્રભાઈ પંચાલ, કિરીટસિંહ પ્રભાતસિંહ ઝાલા કે જેઓ સામાવાળા નં.૧ અંબિકા ગાસ્કેટના કામદારો નથી. સામાવાળા નં.૧ સંસ્થાનુ સરનામુ જે અરજદારે તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ છે તે તેમજ સામાવાળા નં.૨ અંબિકા ઈન્ડસ્ટ્રીઝ લી. એલ/૧૦૮, ભિક્ષુક ગૃહની પાસે, ઓઢવ, અમદાવાદ દર્શાવેલ છે તથા તેણે જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે તે મુજબ તેઓ જાણે છે કે બંને કંપનીઓ અલગ–અલગ કંપનીઓ છે. આમ છતાં તેઓએ અલગ–અલગ કંપનીના કામદારોની ડીમાન્ડ એકજ કરેલ છે જે કાયદાકીય રીતે ચાલી શકે તેથી રદ થવાને પાત્ર હોવાનું જણાવી માંગણાના નિવેદનના પેરા ૧ થી ૬ નો ઈન્કાર કરી સત્ય

હકીકતે જણાવેલ છે કે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પૂટ એકટની જોગવાઈઓ જોતાં જો સંસ્થામાં ૧૦ કરતા ઓછા કામદારો હોય તેવા સંજોગોમાં યુનીયનની આ પ્રકારની માંગણી ચાલી શકે તેવી કોઈ પણ કાયદાકીય સ્પષ્તા નથી આથી આ માંગણી રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે અરજદાર યુનીયને તેમની માંગણી નં.૧ માં જે માંગણી કરેલી છે તે કઈ માંગણી તેઓ કયા સામાવાળા સંસ્થા પાસેથી મેળવવા માંગે છે તેની કોઈ જ સ્પષ્ટતા કરેલી નથી કારણ કે આ કામના અરજદાર યુનીયને તેમની માંગણીઓમાં કોઈ જ સ્પષ્ટતા કરેલ નથી કે તેઓ કયા કામદારો માટે કયા સામાવાળા સંસ્થા સામે આ માંગણી મુકેલ છે આથી આવા સંજોગોમાં જયારે અરજદાર યુનીયને ફકત અને ફકત નામ. અદાલતને ગેરમાર્ગે દોરવા અને વધુ કામદારો બતાવવાના એકમાત્ર આશયથી ત્રણ સંસ્થાઓના કહેવાતા કામદારોને ભેગા કરી ત્રણ સંસ્થાઓના કામદારોની ભેગી ડીમાન્ડ કરેલ છે. પરંતુ  તેઓએ તેમની ડીમાન્ડમાં કોઈ જગ્યાએ એવુ જણાવેલ નથી કે તેઓ કઈ કામદારો માટે કયા સામાવાળા સંસ્થા પાસેથી શું મેળવવા દાદ માંગે છે આથી આ કામના અરજદારની સદરહુ માંગણી ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કોઈપણ  કાયદાની જોગવાઈ વગરની હોય તેમજ અનિશ્ચીત હોય ચાલી શકે તેમ નથી આથી રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં અરજદાર યુનીયને તેમની માંગણી નં.ર માં દીલીપભાઈ રામજીભાઈ અને રણજીતસીંહ ભાવસીંહ પાસેથી ડીસેમ્બર–૨૦૧૧ માં સામાવાળા સંસ્થા ઘ્વારા ધાક–ધમકી અને બળજબરીથી રાજીનામાં લઈ તેઓને અંબિકા ઈન્ડસ્ટ્રીઝમાં સમાવી  લેવામાં આવેલ છે તેવા આક્ષેપ કરેલ છે જે માંગણી અંગે સ્પષ્ટતા કરતા જણાવેલ છે કે અરજદાર યુનીયને તેઓએ તેમના  નિવેદનમાં કોઈ જગ્યાએ સ્પષ્ટતા કરેલી નથી કે સદરહુ કામદારો કઈ સંસ્થામાં કામ કરતા હતા અને કઈ સંસ્થા ઘ્વારા તેમની પાસે બળજબરીથી રાજીનામા લેવામાં આવેલ છે અને જો તેઓ પાસેથી બળજબરીથી રાજીનામા લેવામાં આવ્યા હોય તો તેઓએ જે તે સંસ્થા સામે જે તે સમયે કાયદાકીય જોગવાઈઓ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી જ હોય. પરંતુ આ કામના અરજદાર યુનીયને તેમના નિવેદનમાં તેની કોઈ સ્પષ્ટતા કરેલ નથી એટલે કે જો કામદારોએ સ્વૈચ્છિક  રાજીનામાં આપેલ છે તેને યુનીયને પોતાના અંગત હીત માટે બળજબરીથી રાજીનામાં લેવામાં આવેલ છે તેવી ખોટી રજુઆત કરી નામદાર અદાલતને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે. વધુમાં તેઓ ઘ્વારા કોઈપણ જગ્યાએ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી કે કંઈ સંસ્થાના કયા વ્યકિત ઘ્વારા તેઓ પાસેથી બળજબરીથી રાજીનામા લેવામાં આવેલ છે. આથી સ્પષ્ટ જણાય છે કે કામદારોએ સ્વેચ્છા પૂર્વક આપેલા રાજીનામાને અરજદાર યુનીયન ઘ્વારા ગેરલાભ મેળવવાના બદઆશયથી પાછળથી ઉપજાવેલી હકીકતો રજુ કરી નામ. અદાલતને ગેરમાર્ગે  દોરવાનો ગંભીર પ્રયત્ન કરેલ છે જે કાયદેસર રીતે ચાલી

શકે તેમ ન હોય આથી રદ થવાને પાત્ર હોવાનું જણાવી અરજદાર યુનીયનની આ ડીમાન્ડ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને સામાવાળા સંસ્થાને હેરાન પરેશાન કરવાના એકમાત્ર ઉદ્દેશથી કરવામાં આવેલી હોય ખર્ચ સહિત રદ થવાને પાત્ર હોવાનું જણાવી રદ કરતો હુકમ કરવા અરજ કરેલ છે.

(૫) સામાવાળા નં. ૨ તરફે આંક–૧૩ થી લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારને આ કે આવો રેફરન્સ કરવાનો કોઈ હકક કે અધિકાર નથી તેથી આ રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં અરજદાર યુનીયન એ માન્યતા ધરાવતુ યુનીયન ન હોય કહેવાતી માંગણીઓ કરવાનો હકક કે અધિકાર ન હોય આ રેફરન્સ ડીમાન્ડ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં નામ. અદાલતને આ કે આવો રેફરન્સ ડીમાન્ડ ચલાવવા માટે કોઈ હકુમત ન હોય આથી રેફરન્સ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં અરજદાર યુનીયને આ રેફરન્સ સમય મર્યાદા બહાર કરાવેલ હોય આથી પણ આ રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં અરજદારને આ કે આવો ડીમાન્ડ રેફરન્સ કરાવવા કોઈ એકઝીસ્ટીંગ રાઈટ ના હોય આથી આ રેફરન્સ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં આ કામના મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડતો હોય તેથી પણ આ રેફરન્સ રદ થવાને પાત્ર છે. અરજદાર યુનીયનને આઈ.ડી. એકટની જોગવાઈઓ વિરૂઘ્ધ આવી કહેવાતી માંગણી કરેલી હોય જે કાયદાકીય રીતે ચાલી શકે તેમ ન હોય રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે વધુમાં અરજદાર યુનીયનમાં સામાવાળા નં.૨ સંસ્થામાં કામ કરતા કોઈ જ કામદારો જોડાયેલા નથી આથી આવા કોઈ કહેવાતા કામદારોની કોઈ લેખીત સંમતિ વગર આ કામના કહેવાતા યુનીયનને આ ડીમાન્ડ મુશ્કેલી છે જે કાયદેસર ચાલી શકે તેમ ન હોય રદ થવાને પાત્ર હોવાનું જણાવી પ્રાથમિક મુદૃો ઉપસ્થિત કરેલ છે કે સામાવાળા નં.૨ અને અરજદાર વચ્ચે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની જોગવાઈ ૨ (કે) મુજબની ડેફીનેશનમાં કેટલાક કામદારો આવતા ના હોય માટે આ રેફરન્સ ચાલી શકે તેમ ના હોય માટે રદ થવાને પાત્ર છે. વધુમાં પ્રાથમિક મુદૃો ઉપસ્થિત કરેલ છે કે અરજદારે સામાવાળા નં.૧, ૨ અને ૩ સામે સદર કેસ કરેલ હોય આથી આવી કોઈ કાયદાકીય જોગવાઈ નથી કે અલગ અલગ યુનીટ અને અલગ અલગ પ્રોડકશન અને અલગ અલગ જગ્યાએ આવેલી કંપનીમાં કે સંસ્થામાં અલગ અલગ કામદારો એક સાથે જુદી–જુદી કંપનીઓ સામે એકસરખી દાદ માંગે તેવી કોઈ કાયદાકીય જોગવાઈ ન હોય આથી સદર કેસનો ન્યાય નિર્ણય કરતા પહેલાં આ બાબતે અરજદારે તેની કાયદાકીય સ્પષ્ટતા કર્યા બાદ જ અન્ય મુદૃાઓ ઉપર ન્યાય નિર્ણય થઈ શકે કારણ કે આ કામના અરજદારે શ્રી અંબિકા ગાસ્કેટ પ્રા.લી. કે જે પ્લોટ નં.૩૦૧, ભિક્ષુક ગૃહની પાસે, નારી સરંક્ષણ ગૃહની બાજુમાં, ઓઢવ, અમદાવાદમાં અરજદારો નટવરભાઈ હરીભાઈ પરમાર, ભરતભાઈ જાવાભાઈ મહેરૂ, કેતન મહેન્દ્રભાઈ પંચાલ, કિરીટસિંહ પ્રભાતસિંહ ઝાલા કે

જેઓ સામાવાળા નં.૧ અંબિકા ગાસ્કેટના  કામદારો નથી. સામાવાળા નં.૧ સંસ્થાનુ સરનામુ જે અરજદારે તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ છે તે તેમજ સામાવાળા નં.૧ અંબિકા ગાસ્કેટ પ્રા. લી.  પ્લોટ નં.૩૦૧, ભિક્ષુક ગૃહની પાસે, નારી સરંક્ષણ ગૃહની બાજુમાં, ઓઢવ, અમદાવાદ દર્શાવેલ છે તથા તેણે જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે તે મુજબ તેઓ જાણે છે કે બંને કંપનીઓ અલગ–અલગ કંપનીઓ છે. આમ છતાં તેઓએ અલગ–અલગ કંપનીના કામદારોની ડીમાન્ડ એકજ કરેલ છે જે કાયદાકીય રીતે ચાલી શકે તેથી રદ થવાને પાત્ર હોવાનું જણાવી માંગણાના નિવેદનના પેરા ૧ થી  ૬ નો ઈન્કાર કરી  સત્ય હકીકતે જણાવેલ છે કે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પૂટ એકટની જોગવાઈઓ જોતાં જો સંસ્થામાં ૧૦ કરતા ઓછા કામદારો હોય તેવા સંજોગોમાં યુનીયનની આ પ્રકારની માંગણી ચાલી શકે તેવી કોઈ પણ કાયદાકીય સ્પષ્તા નથી આથી આ માંગણી રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે અરજદાર યુનીયને તેમની માંગણી નં.૧ માં જે માંગણી કરેલી છે તે કઈ માંગણી તેઓ કયા સામાવાળા સંસ્થા પાસેથી મેળવવા માંગે છે તેની કોઈ જ સ્પષ્ટતા કરેલી નથી કારણ કે આ કામના અરજદાર યુનીને તેમની માંગણીઓમાં કોઈ જ સ્પષ્ટતા કરેલ નથી કે તેઓ કયા કામદારો માટે કયા સામાવાળા સંસ્થા સામે આ માંગણી મુકેલ છે આથી આવા સંજોગોમાં જયારે અરજદાર યુનીયને ફકત અને ફકત નામ. અદાલતને ગેરમાર્ગે દોરવા અને વધુ કામદારો બતાવવાના એકમાત્ર આશયથી ત્રણ સંસ્થાઓના કહેવાતા કામદારોને ભેગા કરી ત્રણ સંસ્થાઓના કામદારોની ભેગી ડીમાન્ડ કરેલ છે. પરંતુ તેઓએ તેમની ડીમાન્ડમાં કોઈ જગ્યાએ એવુ જણાવેલ નથી કે તેઓ કયા કામદારો માટે કયા સામાવાળા સંસ્થા પાસેથી શું મેળવવા દાદ માંગે છે આથી આ કામના અરજદારની સદરહુ માંગણી ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કોઈપણ  કાયદાની જોગવાઈ વગરની હોય તેમજ  અનિશ્ચીત હોય ચાલી શકે તેમ નથી આથી રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં અરજદાર યુનીયને તેમની માંગણી નં.ર માં દીલીપભાઈ રામજીભાઈ અને રણજીતસીંહ ભાવસીંહ પાસેથી ડીસેમ્બર–૨૦૧૧ માં સામાવાળા સંસ્થા ધ્વારા ધાક–ધમકી અને બળજબરીથી રાજીનામાં લઈ તેઓને અંબિકા ઈન્ડસ્ટ્રીઝમાં સમાવી લેવામાં આવેલ છે તેવા આક્ષેપ કરેલ છે જે માંગણી અંગે સ્પષ્ટતા કરતા જણાવેલ છે કે અરજદાર યુનીયને તેઓએ તેમના  નિવેદનમાં કોઈ જગ્યાએ સ્પષ્ટતા કરેલી નથી કે સદરહુ કામદારો કઈ સંસ્થામાં કામ કરતા હતા અને કઈ સંસ્થા ધ્વારા તેમની પાસે બળજબરીથી રાજીનામા લેવામાં આવેલ છે અને જો તેઓ પાસેથી બળજબરીથી રાજીનામા લેવામાં આવ્યા હોય તો તેઓએ જે તે સંસ્થા સામે જે તે સમયે કાયદાકીય જોગવાઈઓ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી જ હોય. પરંતુ આ કામના અરજદાર યુનીયને તેમના નિવેદનમાં તેની કોઈ સ્પષ્ટતા કરેલ નથી એટલે કે જો કામદારોએ

સ્વૈચ્છિક રાજીનામાં આપેલ છે તેને યુનીયને પોતાના અંગત હીત માટે બળજબરીથી રાજીનામાં લેવામાં આવેલ છે તેવી ખોટી રજુઆત કરી નામદાર અદાલતને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે. વધુમાં તેઓ ધ્વારા કોઈપણ જગ્યાએ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી કે કંઈ સંસ્થાના કયા વ્યકિત ધ્વારા તેઓ પાસેથી બળજબરીથી રાજીનામા લેવામાં આવેલ છે. આથી સ્પષ્ટ જણાય છે કે કામદારોએ સ્વેચ્છા પૂર્વક આપેલા રાજીનામાને અરજદાર યુનીયન ધ્વારા ગેરલાભ મેળવવાના બદઆશયથી પાછળથી ઉપજાવેલી હકીકતો રજુ કરી નામ. અદાલતને ગેરમાર્ગે દોરવાનો ગંભીર પ્રયત્ન કરેલ છે જે કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોય આથી રદ થવાને પાત્ર હોવાનું જણાવી અરજદાર યુનીયનની આ ડીમાન્ડ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને સામાવાળા સંસ્થાને હેરાન પરેશાન કરવાના એકમાત્ર ઉદૃેશથી કરવામાં આવેલી હોય ખર્ચ સહિત રદ થવાને પાત્ર હોવાનું જણાવી રદ કરતો હુકમ કરવા અરજ કરેલ છે.

(૬) સામાવાળા નં. ૩ તરફે આંક–૧૪ થી લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારને આ કે આવો રેફરન્સ કરવાનો કોઈ હકક કે અધિકાર નથી તેથી આ રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં અરજદાર યુનીયન એ માન્યતા ધરાવતુ યુનીયન ન હોય કહેવાતી માંગણીઓ કરવાનો હકક કે અધિકાર ન હોય આ રેફરન્સ ડીમાન્ડ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં નામ. અદાલતને આ કે આવો રેફરન્સ ડીમાન્ડ ચલાવવા માટે કોઈ હકુમત ન હોય આથી રેફરન્સ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં અરજદાર યુનીયને આ રેફરન્સ સમય મર્યાદા બહાર કરાવેલ હોય આથી પણ આ રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં અરજદારને આ કે આવો ડીમાન્ડ રેફરન્સ કરાવવા કોઈ એકઝીસ્ટીંગ રાઈટ ના હોય આથી આ રેફરન્સ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં આ કામના મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડતો હોય તેથી પણ આ રેફરન્સ રદ થવાને પાત્ર છે. અરજદાર યુનીયનને આઈ.ડી. એકટની જોગવાઈઓ વિરૂધ્ધ આવી કહેવાતી માંગણી કરેલી હોય જે કાયદાકીય રીતે ચાલી શકે તેમ ન હોય રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે વધુમાં અરજદાર યુનીયનમાં સામાવાળા સંસ્થામાં કામ કરતા કોઈ જ કામદારો જોડાયેલા નથી આથી આવા કોઈ કહેવાતા કામદારોની કોઈ લેખીત સંમતિ વગર આ કામના કહેવાતા યુનીયનને આ ડીમાન્ડ મુશ્કેલી છે જે કાયદેસર ચાલી શકે તેમ ન હોય રદ થવાને પાત્ર હોવાનું જણાવી પ્રામમિક મુદૃો ઉપસ્થિત કરેલ છે કે સામાવાળા નં.૨ અને અરજદાર વચ્ચે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની જોગવાઈ ૨ (કે) મુજબની ડેફીનેશનમાં કેટલાક કામદારો આવતા ના હોય માટે આ રેફરન્સ ચાલી શકે તેમ ના હોય માટે રદ થવાને પાત્ર છે. વધુમાં પ્રાથમિક મુદૃો ઉપસ્થિત કરેલ છે કે અરજદારે સામાવાળા નં.૧, ૨ અને ૩ સામે સદર કેસ કરેલ હોય આથી આવી કોઈ કાયદાકીય જોગવાઈ નથી કે અલગ અલગ યુનીટ અને અલગ અલગ પ્રોડકશન

અને અલગ અલગ જગ્યાએ આવેલી કંપનીમાં કે સંસ્થામાં અલગ અલગ કામદારો એક સાથે જુદી–જુદી કંપનીઓ સામે એકસરખી દાદ માંગે તેવી કોઈ કાયદાકીય જોગવાઈ  ન હોય આથી સદર કેસનો ન્યાય નિર્ણય કરતા પહેલાં આ બાબતે અરજદારે તેની કાયદાકીય સ્પષ્ટતા કર્યા બાદ જ અન્ય મુદ્દાઓ ઉપર ન્યાય નિર્ણય થઈ શકે કારણ કે આ કામના અરજદારે શ્રી અંબિકા ગાસ્કેટ પ્રા.લી. કે જે પ્લોટ નં.૩૦૧, ભિક્ષુક ગૃહની પાસે, નારી સરંક્ષણ ગૃહની બાજુમાં, ઓઢવ, અમદાવાદમાં અરજદારો નટવરભાઈ હરીભાઈ પરમાર, ભરતભાઈ જાવાભાઈ મહેરૂ, કેતન મહેન્દ્રભાઈ પંચાલ, કિરીટસિંહ પ્રભાતસિંહ ઝાલા કે જેઓ સામાવાળા નં.૧ અંબિકા ગાસ્કેટના કામદારો નથી. સામાવાળા સંસ્થાનુ સરનામુ જે અરજદારે તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ છે તે તેમજ સામાવાળા નં.૩  એચ.એલ. પરીખ ટ્રેડલીંકનું સરનામું પ્લોટ નં.૩૦૧, ભિક્ષુક ગૃહની પાસે, નારી સરંક્ષણ ગૃહની બાજુમાં, ઓઢવ, અમદાવાદ દર્શાવેલ છે તથા તેમજ સામાવાળા નં.૧  અંબિકા ગાસ્કેટ પ્રા. લી. પ્લોટ નં.૩૦૧, ભિક્ષુક ગૃહની પાસે, નારી સરંક્ષણ ગૃહની બાજુમાં, ઓઢવ, અમદાવાદનું સરનામુ દર્શાવેલ છે તથા તેમણે જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે તે મુજબ તેઓ જાણે છે કે બંને કંપનીઓ અલગ–અલગ કંપનીઓ છે. આમ છતાં તેઓએ અલગ–અલગ કંપનીના કામદારોની ડીમાન્ડ એકજ કરેલ છે જે કાયદાકીય રીતે ચાલી ન શકે તેથી રદ થવાને પાત્ર હોવાનું જણાવી માંગણાના નિવેદનના પેરા ૧ થી  ૬ નો ઈન્કાર કરી  સત્ય હકીકતે જણાવેલ છે કે તેમની સંસ્થા માત્રને માત્ર ટ્રેડીંગને લગતુ કામ કરે છે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પૂટ એકટની જોગવાઈઓ જોતાં જો સંસ્થામાં ૧૦ કરતા ઓછા કામદારો હોય તેવા સંજોગોમાં યુનીયનની આ પ્રકારની માંગણી ચાલી શકે તેવી કોઈ પણ કાયદાકીય સ્પષ્ટતા નથી આથી આ માંગણી રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે અરજદાર યુનીયને તેમની માંગણી નં.૧ માં જે માંગણી કરેલી છે તે કઈ માંગણી તેઓ કયા સામાવાળા સંસ્થા પાસેથી મેળવવા માંગે છે તેની કોઈ જ સ્પષ્ટતા કરેલી નથી કારણ કે આ કામના અરજદાર યુનીયને તેમની માંગણીઓમાં કોઈ જ સ્પષ્ટતા કરેલ નથી કે તેઓ કયા કામદારો માટે કયા સામાવાળા સંસ્થા સામે આ માંગણી મુકેલ છે આથી આવા સંજોગોમાં જયારે અરજદાર યુનીયને ફકત અને ફકત નામ. અદાલતને ગેરમાર્ગે દોરવા અને વધુ કામદારો બતાવવાના એકમાત્ર આશયથી ત્રણ સંસ્થાઓના કહેવાતા કામદારોને ભેગા કરી ત્રણ સંસ્થાઓના કામદારોની ભેગી ડીમાન્ડ કરેલ છે. પરંતુ તેઓએ તેમની ડીમાન્ડમાં કોઈ જગ્યાએ એવુ જણાવેલ નથી કે તેઓ કઈ કામદારો માટે કયા સામાવાળા સંસ્થા પાસેથી શું મેળવવા દાદ માંગે છે આથી આ કામના અરજદારની સદરહુ માંગણી ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કોઈપણ કાયદાની જોગવાઈ વગરની હોય તેમજ  અનિશ્ચીત હોય ચાલી શકે તેમ નથી આથી રદ થવાને પાત્ર

હોવાનું જણાવેલ છે. વધુમાં સ્પષ્ટતા કરતા જણાવેલ છે કે અરજદાર યુનીયને સામાવાળા ત્રણેય સંસ્થાઓ સામે તેમની આ ડીમાન્ડ કરેલી એટલે કે અરજદાર યુનીયન સારી રીતે સારી રીતે જાણે છે કે ત્રણેય સંસ્થાઓ અલગ–અલગ છે. આથી સામાવાળાઓના કામદારો તથા પ્રોડકશન / ઉત્પાદન, નફો નુકશાનના કંપની એકટ મુજબના હિસાબો અલગ–અલગ છે. આ રીતે અરજદાર અલગ–અલગ કંપની, અલગ–અલગ સ્થળ, અલગ પ્રોડકશન, અલગ –અલગ કામદારો પી.એફ. અને ઈ.એસ.આઈ.ના કોડ અલગ છે. કાયદા મુજબના રજિસ્ટર પણ અલગ–અલગ છે. આમ છતાં પણ આ કામના બીજા પક્ષકારોએ આ બાબતે કોઈ લેવા દેવા ન હોય તેમ છતાં લેબર કાયદાઓની ગુંચવણ ઉભી કરવા અલગ–અલગ પ્રોડકશનવાળી અલગ જગ્યા વાળી સંસ્થાઓ સામે સંયુકત કેસ કરી અને કાયદાકીય ગુંચવણ ઉભી કરેલ છે આ રીતે અલગ–લગ યુનીટ અલગ અલગ પ્રોડકશન અલગ કામદારોનું કલબીંગ કરીને કોઈ ડીમાન્ડ માંગણીઓ કાયદેસર રીતે ચાલી શકે નહીં આથી આ કામના અરજદારનો આ રેફરન્સ કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોય રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં અરજદાર યુનીયને તેમની માંગણી નં.ર માં દીલીપભાઈ રામજીભાઈ અને રણજીતસીંહ ભાવસીંહ પાસેથી ડીસેમ્બર–૨૦૧૧ માં સામાવાળા સંસ્થા ઘ્વારા ધાક–ધમકી અને બળજબરીથી રાજીનામાં લઈ તેઓને અંબિકા ઈન્ડસ્ટ્રીઝમાં સમાવી લેવામાં આવેલ છે તેવા આક્ષેપ કરેલ છે જે માંગણી અંગે સ્પષ્ટતા કરતા જણાવેલ છે કે અરજદાર યુનીયને તેઓએ તેમના નિવેદનમાં કોઈ જગ્યાએ સ્પષ્ટતા કરેલી નથી કે સદરહુ કામદારો કઈ સંસ્થામાં કામ કરતા હતા અને કઈ સંસ્થા ઘ્વારા તેમની પાસે બળજબરીથી રાજીનામા લેવામાં આવેલ છે અને જો તેઓ પાસેથી બળજબરીથી રાજીનામા લેવામાં આવ્યા હોય તો તેઓએ જે તે સંસ્થા સામે જે તે સમયે કાયદાકીય જોગવાઈઓ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી જ હોય. પરંતુ આ કામના અરજદાર યુનીયને તેમના નિવેદનમાં તેની કોઈ સ્પષ્ટતા કરેલ નથી એટલે કે જો કામદારોએ સ્વૈચ્છિક રાજીનામાં આપેલ છે તેને યુનીયને પોતાના અંગત હીત માટે બળજબરીથી રાજીનામાં લેવામાં આવેલ છે તેવી ખોટી રજુઆત કરી નામદાર અદાલતને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે. વધુમાં તેઓ ઘ્વારા કોઈપણ જગ્યાએ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી કે કંઈ સંસ્થાના કયા વ્યકિત ઘ્વારા તેઓ પાસેથી બળજબરીથી રાજીનામા લેવામાં આવેલ છે. આથી સ્પષ્ટ જણાય છે કે કામદારોએ સ્વેચ્છા પૂર્વક આપેલા રાજીનામાને અરજદાર યુનીયન ઘ્વારા ગેરલાભ મેળવવાના બદઆશયથી પાછળથી ઉપજાવેલી હકીકતો રજુ કરી નામ. અદાલતને ગેરમાર્ગે દોરવાનો ગંભીર પ્રયત્ન કરેલ છે જે કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોય આથી રદ થવાને પાત્ર હોવાનું જણાવી અરજદાર યુનીયનની આ ડીમાન્ડ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને સામાવાળા સંસ્થાને હેરાન પરેશાન કરવાના

એકમાત્ર ઉદ્દેશથી કરવામાં આવેલી હોય  ખર્ચ સહિત રદ થવાને પાત્ર હોવાનું જણાવી રદ કરતો હુકમ કરવા અરજ કરેલ છે.

(૭) અરજદાર તરફે આંક–૧૫ થી સામાવાળા સંસ્થાના ૨૦૦૬ થી ૨૦૧૦ ના દરેક વર્ષના ત્રણ મહિનાના રોજમેળ તથા ખાતાવાહીની નકલો રજુ કરવા અરજી આપેલ જે અરજી સંબંધે આંક–૧૭ થી સામાવાળા સંસ્થાએ જવાબ રજુ કરેલ છે ત્યારપછી બંને પક્ષકારોને સાંભળીને મારા પૂરોગામીએ અરજી મંજુર કરેલ ત્યારબાદ સામાવાળા સંસ્થા તરફે આંક–૨૦  અને ૨૧ થી ઉદય કિર્તિપાલ શાહનાએ ઉપરોકત દસ્તાવેજો આજથી ૮ થી૧૨ વર્ષ જેટલા જુના હોય તેની ઘણી શોધખોળ કરવા છતાં મળી આવતા ન હોય રજુ કરી શકીએ નહીં તેવુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૮) અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**અરજદાર તરફે રજુ મૌખિક પુરાવાઓ**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર નરેશભાઈ દાનાભાઈ સોલંકીનું પુરાવા સ્વરૂપનું સોગંદનામુ | ૨૨ |
| ૨ | અરજદાર નટવરભાઈ હરીભાઈ પરમારનું પુરાવા સ્વરૂપનું સોગંદનામુ | ૨૬ |

**અરજદાર તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાઓની વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળા નં.૧ ને મોકલેલ માંગણાનુ નિવેદન મળી ગયા અંગેની રજી. એડી. પહોંચ અસલ. | ૪/૧ |
| ૨ | સામાવાળા નં.૨ ને મોકલેલ માંગણાનુ નિવેદન મળી ગયા અંગેની રજી. એડી. પહોંચ અસલ. | ૪/૨ |
| ૩ | સામાવાળા નં.૩ ને મોકલેલ માંગણાનુ નિવેદન મળી ગયા અંગેની રજી. એડી. પહોંચ અસલ. | ૪/૩ |
| ૪ | સામાવાળાઓ સામે મીનીમમ વેજીસ એકટ હેઠળ કરેલ ફરીયાદની નકલ. | ૬/૧ |
| ૫ | અનુ. નં.૧ ની ફરીયાદ અનુસંધાને સરકારી શ્રમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ જવાબની નકલ. | ૬/૨ |
| ૬ | અરજદાર યુનીયને સામાવાળા સંસ્થાઓ ધ્વારા આચરવામાં આવી રહેલ અનફેર લેબર પ્રેકટીસ અંગે સરકારી શ્રમ અધિકારીને કરેલ ફરીયાદની ઈનવર્ડ નકલ. | ૬/૩ |
| ૭ | ઉપરોકત ફરીયાદ અનુસંધાને સરકારી શ્રમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ જવાબની નકલ. | ૬/૪ |
| ૮ | અરજદાર યુનીયને સામાવાળા સંસ્થાઓ ધ્વારા આચરવામાં આવી રહેલ અનફેર લેબર પ્રેકટીસ અંગે સરકારી શ્રમ અધિકારીને કરેલ ફરીયાદની ઈનવર્ડ | ૬/૫ |

| | | |
|---|---|---|
| | નકલ. | |
| ૯ | ઉપરોકત ફરીયાદ અનુસંધાને સરકારી શ્રમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ જવાબની નકલ. | ૬/૬ |
| ૧૦ | અરજદાર કામદાર નરેશભાઈ દાનાભાઈના ઈ.એસ.આઈ. કાર્ડની નકલ. | ૨૫/૧ |
| ૧૧ | સામાવાળાઓ ધ્વારા રેફરન્સ (ડી) ૨૧/૨૦૧૨ માં રજુ કરેલ દસ્તાવેજોની સર્ટીફાઈડ નકલ. | ૩૨/૧ |

**(૯)** અરજદાર તરફે આંક–૨૭ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે જયારે સામાવાળાઓ તરફે આંક–૨૮ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે.

**(૧૦)** ત્યારબાદ અરજદારના વિ.પ્રતિનિધીએ મૌખીક દલીલો રજુ કરેલ છે, જેની જરૂરી ચર્ચા હવે પછી યથાસ્થાને કરવામાં આવશે. જયારે સામાવાળા તરફે આંક–૩૪ થી લેખીત દલીલો રજુ થયેલ છે જેની જરૂરી ચર્ચા હવે પછી યથાસ્થાને કરવામાં આવશે.

**(૧૧)** આ કામે ઉપરોકત રજુ તરફે પક્ષ નિવેદન રજુ મૌખીક–દસ્તાવેજી પુરાવાઓ,દલીલો લક્ષમાં લેતા આ રેફરન્સના ન્યાય નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુ દ્દા ઓ :–</u>**

**મુદ્દા નં.૧:** શું અરજદાર પુરવાર કરે છે કે,પરીશીષ્ટ–અ માં દર્શાવેલ વિગત મુજબની દાદ મેળવવા હકકદાર થાય છે?

**મુદ્દા નં.ર:** શું હુકમ ?

ઉપરોકત મારા તારણો અને કારણો નીચે મુજબ છે.

**<u>–: તા ર ણો :–</u>**

(૧) નકારમાં
(ર) આખરી હુકમ મુજબ

**<u>–: કા ર ણો :–</u>**

**(૧૨)** ***મુદ્દા નં.(૧) :–***

હાલના ડીમાન્ડમાં દાદ – ૧ માં પરીશીષ્ટ–અ માં દર્શાવેલ કામદારોને નોકરીમાં દાખલ તારીખ ખોટી દર્શાવેલ છે અને સાચી દાખલ તારીખ સાથેના ઓળખપત્ર ઈસ્યુ કરવા માંગણી કરેલ છે તે સંબંધે જોઈએ તો આ કામે આંક–૨૨ થી નરેશભાઈ દાનાભાઈ સોલંકીનું એફીડેવિટ રજુ થયેલ

છે જેમાં તેમાં તેમણે માંગણાના નિવેદનની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે જયારે સામાવાળા સંસ્થાઓ તરફે વિસ્તૃત ઉલટ તપાસ કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૨૬ થી નટવરભાઈ હરીભાઈ પરમારનુ સરતપાસનું એફીડેવિટ રજુ થયેલ છે જેમાં તેમણે તેમના માંગણાના નિવેદનની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે જયારે સામાવાળાઓના વકીલશ્રીએ વિસ્તૃત ઉલટ તપાસ કરેલ છે ત્યારબાદ અરજદાર તરફે કોઈ વિશેષ પુરાવો રજુ કરેલ નથી જયારે સામાવાળા તરફે કોઈ મૌખીક પુરાવો રજુ થયેલ નથી આમ ઉપરોકત પડેલ પુરાવા પરથી પરીશીષ્ટ–અ માં દર્શાવેલ દાદ નં.૧ સંબંધે પરીશીષ્ટ–અ માં દર્શાવેલ સાચી દાખલ તારીખ વાળા ઓળખપત્ર ઈસ્યુ કરવાની દાદ મળવા પાત્ર થાય છે કે કેમ? તે નિર્ણય કરવાનો છે આ સંબંધે અરજદાર તરફે તેમના વિ. પ્રતિનિધી કાશ્મીરાબેન ચૌધરીએ દલીલોમાં તેમના માંગણાના નિવેદનની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે વિશેષમાં જણાવેલ છે કે ત્રણેય સંસ્થાઓ એકજ પ્રકારના કામ કરે છે અને એકજ કુટુંબના સભ્યો ચલાવે છે અને ત્રણેય સંસ્થાઓ આજુબાજુમાં આવેલી છે. ઓળખપત્ર, પગાર પત્ર, હાજરી કાર્ડ ફરીયાદ કરેલ ત્યાં સુધી આપવામાં આવેલ નથી જે અંગે સામાવાળા સંસ્થાને તપાસ નોંધ પણ આપવામાં આવેલ છે આંક–૧૫ થી દસ્તાવેજ રજુ કરવાની અરજી આપેલ જે મંજુર થવા છતાં સામાવાળા સંસ્થાઓએ કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી. સામાવાળા સંસ્થાએ જે દસ્તાવેજો રજુ કરેલ છે તે અધુરા દસ્તાવેજો છે રોજમેળ ખાતાવહીમાં આવા કામદારોના પગારની વિગતો હોય તેમ છતાં આવા દસ્તાવેજો રજુ કરેલ નથી તેથી એડવર્સ ઈન્ફરન્સ ડ્રો કરવા અરજ કરેલ છે. કામદારોને નોકરીના વર્ષો ભવિષ્યમાં તેમના મળવા પાત્ર વળતરની રકમ ઘટી જાય તે માટે ઈરાદા પૂર્વક નોકરીમાં દાખલ તારીખ ખોટી દર્શાવેલ છે જેથી સાચી દાખલ તારીખના ઓળખપત્ર ઈસ્યુ કરવા અરજ કરેલ છે જયારે સામાવાળાઓ તરફે તેમની લેખીત જવાબની હકીકતોનુ પુનરાવર્તન કરી અરજદારનો રેફરન્સ ચાલવા પાત્ર ન હોવાની રજુઆત કરેલ છે હવે આ કામમાં પરીશીષ્ટ–અ માં કુલ ૧૩ કામદારોના નામ તથા આઈ. કાર્ડની દાખલ તારીખ અને સાચી દાખલ તારીખ દર્શાવેલ છે જયારે સામાવાળાઓ તરફે જે દાખલ તારીખ લખેલ છે તે જ સાચી દાખલ તારીખ હોવાનુ જણાવેલ છે હવે આ કામે નરેશભાઈ દાનાભાઈ સોલંકીએ ઉલટ તપાસમાં તેમના એકલાનીજ જુબાની આપતો હોવાનું જણાવેલુ છે વધુમાં કબુલ કરેલ છે કે તેમને બીજા કોઈ કામદારની દાખલ તારીખ વિશે ખબર ન હોય તેમજ આંક–૨૬ થી પરમાર નટવરભાઈ હરીભાઈનું એફીડેવિટ રજુ થયેલ છે જેમાં તેમણે ઉલટ તપાસમાં તમામ કામદારો વતી જુબાની આપતા હોવાનુ જણાવેલુ છે બીજા કામદારોની દાખલ તારીખ કઈ છે તેનો ખ્યાલ ન હોવાનુ જણાવેલુ છે. આમ ઉપરોકત હકીકતો લક્ષમાં લેતા કામદાર નરેશભાઈ દાનાભાઈ સોલંકી તથા કામદાર નટવરભાઈ હરીભાઈ પરમાર ને તેમની પોતાનીજ દાખલ

તારીખ વિશે જાણકારી છે તેવા સંજોગોમાં તે અન્ય કામદારોની માંગણી સંબંધે લેશમાત્ર સમર્થન કરતો નથી વળી હાલનો રેફરન્સ ત્રણ સંસ્થાઓ સામે સંયુકત રીતે દાખલ કરેલ તેથી કઈ સંસ્થામાં કામ કરતા હતા તે જે તે કામદારજ કહી શકે. આથી આ કામદારો તેમના પોતાની સંસ્થામાં દાખલ તારીખ જાણતો હોય તેટલા પુરતી જ જુબાની ધ્યાને લેવા પાત્ર થાય છે તેથી પરીશીષ્ટ–અ માં દર્શાવેલ બાકીના કામદારોની નોકરીમાં દાખલ તારીખ અંગે તેઓને જાત માહીતી ન હોય તેથી બાકીના કામદારોની સાચી તારીખવાળા ઓળખપત્ર ઈસ્યુ કરવાની દાદ મંજુર થઈ શકે તેમ નથી જે તે કામદાર પોતે કઈ સંસ્થામાં અને કઈ તારીખે દાખલ થયા હોય તેની જાત માહિતી પોતાને જ હોય જેથી ઉપરોકત બંને કામદારોની ઉલટ તપાસ લક્ષમાં લેતા તેઓનો આ કામદારોને સંસ્થામાં દાખલ થયા તારીખની માહીતી નથી તેથી આ બાકીના કામદારોની માંગ્યા મુજબની દાદ તેમનો પુરાવો લીધા સિવાય સીધેસીધી મંજુર થઈ શકે નહીં. આમ કામદારોના વ્યકિતગત પુરાવાઓ આપ્યા સિવાય કામદારોની દાદ નં.૧ મળવા પાત્ર નથી જેથી તેની ગુણદોષ ઉપર વધુ ચર્ચા કરવી જરૂરી જણાતી નથી. હવે ઉપરોકત બંને કામદારોની સામાવાળા સંસ્થામાં દાખલ તારીખ અંગે જોઈએ તો નરેશભાઈ દાનાભાઈ સોલંકીએ તેમની આઈ કાર્ડમાં દાખલ તા.૧/૭/૨૦૦૩ દર્શાવેલ છે જયારે અરજદારની રજુઆત મુજબ તેની નોકરીમાં સાચી દાખલ તારીખ ૧/૩/૯૬ હોવાનુ જણાવેલુ છે. પરંતુ સદર કામદારને તેમની નોકરીમાં દાખલ તારીખ ૦૧/૦૩/૯૬ હોવા બાબતે કોઈ પુરાવો રજુ કરેલ નથી વળી ઉલટ તપાસમાં એચ.એલ.પરીખ ટ્રેડલીંકમાં ૧૯૯૬ થી ૨૦૦૩ સુધી કામ કરેલુ અને અંબીકા ગાસ્કેટ પ્રા. લી.માં તા. ૧/૭/૨૦૦૩ ના રોજ જોડાયેલા અને આજદિન સુધી નોકરી ચાલુ હોવાનું જણાવેલ છે. વધુમાં પરીશીષ્ટ–અ જોઈને જણાવે છે કે તેમાં એચ.એલ.ટ્રેડલીંકનુ સરનામુ કામદારોને ખબર નથી તેવુ લખેલુ છે. તે વાત ખરી છે કે તેનો પ્રોવિડન્ટ ફંડ સામાવાળા નં.૧ માં કપાય છે. તે વાત ખરી છે કે તેમણે એચ.એલ.પરીખ ટ્રેડલીંકમાં ૧૯૯૬ થી ૨૦૦૩ સુધી કામ કરેલ હોય તે બતાવતો દસ્તાવેજ તેમની પાસે નથી. આમ ઉપરોકત હકીકતો લક્ષમાં લેતા સદર કામદાર વિરોધાભાસી હકીકતો જણાવે છે જો તેઓ એચ.એલ.ટ્રેડલીંક નામની એટલે કે સામાવાળા નં.૩ સંસ્થામાં કામ કરેલ હોત તો સ્વાભાવિક રીતે તેમના સરનામાની જાણ હોય જ તેમ છતાં ઉલટ તપાસમાં એનક્ષર – એ માં એચ.એલ.ટ્રેડલીંકનુ સરનામુ કામદારોને ખબર નથી તેવુ લખેલાનુ કબૂલ કરેલ છે. વળી સદર કામદારે તેમનો ઈ.એસ.આઈ. કપાતો હોવાનુ જણાવેલ છે અને ઈ.એસ.આઈ. કાર્ડની નકલ પણ માર્ક–૨૫/૧ થી રજુ કરેલ છે. જયારે આંક–૨૬ માં કામદાર નટવરભાઈ હરીભાઈ પરમારે ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે અંબીકા ગાસ્કેટ પ્રા.લી. નો એસ્ટેટ નં.૩૦૧ છે અને તેનુ સરનામુ નારી સુરક્ષાની

પાછળ, જીઆઈડીસી, ઓઢવ, અમદાવાદ છે. અંબીકા ઈન્ડસ્ટ્રીઝનુ સરનામુ ૧૦૮, ઓઢવ, જીઆઈડીસી છે આ બંને કંપનીઓ વચ્ચે અડધો કીલોમીટરનું અંતર છે એચ.એલ. ટ્રેડલીંકમાં કામ કરેલ હોય તેવો કોઈ દસ્તાવેજ આપેલ નથી. તે કઈ કંપનીમાં નોકરી કરેલ છે તે બતાવવા માટે કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી તે અત્યારે અંબીકા ગાસ્કેટમાં કામ કરે છે અને અંબીકા ઈન્ડસ્ટ્રીઝના ચોપડા ઉપર છે તે અંબીકા ઈન્ડસ્ટ્રીઝમાં છેલ્લા ૨૦ વર્ષથી સહી કરીને પગાર લે છે તેમનુ આઈ.કાર્ડ છે તે અંબીકા ઈન્ડસ્ટ્રીઝનુ છે તેનો ઈ.એસ.આઈ. કપાય છે ઈ.એસ.આઈ.નું કાર્ડ જાતે સહી કરીને મેળવેલુ એચ.એલ. પરીખ ટ્રેડલીંકમાં કામદાર દાખલ થયો ત્યારથી તા.૧/૧૨/૯૮ સુધી કામ કરેલ છે અંબીકા ગાસ્કેટમાં તેમણે ૧૯૯૫ સુધી કામ કરેલ છે તમામ કંપનીઓ એકજ હોવાનુ જણાવેલ છે. આમ ઉપરોકત ઉલટ તપાસ લક્ષમાં લેતા કામદારે કઈ સંસ્થામાં કેટલો સમય કામ કરેલ તે સંબંધે વિરોધાભાસી હકીકતો જણાવેલ છે પોતે આટલો લાંબો સમય કામ કરેલ હોય તો સ્વાભાવીક રીતે તેમની નોકરીની દાખલ તારીખ તેમના આઈડેન્ટી કાર્ડ તથા ઈએસઆઈના કાર્ડ ઉપરથી ખ્યાલ આવે તેમ છતાં તેમણે કોઈ ફરીયાદ જે તે સમયે સક્ષમ સત્તાધિકારીને કરેલ નથી આટલા લાંબા સમય બાદ હાલનો ડીમાન્ડ ઉપસ્થિત કરેલ છે અરજદારે પોતે ઈએસઆઈનુ ફોર્મ જાતે સહી કરીને મેળવેલ છે તેમાં પણ સંસ્થામાં દાખલ તારીખ લખેલ હોય તેમ છતાં પાછળથી હાલની તકરારો ઉપસ્થિત કરેલ છે વળી નટવરભાઈ હરીભાઈ પરમારે સામાવાળા સંસ્થામાં તા.૧/૧/૯૫ માં દાખલ થયેલા તે સંબંધે કોઈ પુરાવો રજુ કરેલ નથી વળી નાયબ શ્રમ આયુકત તરફથી તપાસ નોંધ આપવા માત્રથી અરજદારનો કેસ પુરવાર કરેલ હોવાનું માની શકાય નહીં. આવા સંજોગોમાં કામદાર નટવરભાઈ હરીભાઈ પરમાર તેમની સંસ્થામાં દાખલ તા.૦૧/૦૧/૯૫ હોવાનુ પુરવાર કરી શકેલ નથી તેમજ અરજદાર તરફે યુનીયન પ્રતિનિધીએ આંક-૧૫ ના હુકમ મુજબના દસ્તાવેજો રજુ ન કરતા એડવર્સ ડીફરન્સ ડ્રો કરવા અંગે રજુઆત કરેલ છે તે અંગે જોઈએ તો સામાવાળા સંસ્થાઓમાં ૨૦૦૬ થી ૨૦૧૦ સુધીના દરેક વર્ષના ત્રણ મહીનાના રોજમેળ અને ખાતાવહીની માંગણી કરેલી તે સંબંધે બંને પક્ષોને સાંભળીને મારા પૂરોગામીએ ઉપરોકત દસ્તાવેજો રજુ કરવાનો હુકમ કરેલ અન્યથા સોગંદનામુ રજુ કરવાનો હુકમ કરેલ તે સંબંધે આંક-૨૦ અને ૨૧ થી સામાવાળા નં.૧ અને સામાવાળા નં.૨ સંસ્થા તરફથી ઉદય કિર્તીપાલ શાહનુ સોગંદનામુ રજુ થયેલ છે તેમાં ઉપરોકત દસ્તાવેજો આશરે ૮ થી ૧૨ વર્ષ જેટલા જુના હોય શોધખોળ કરતા મળી આવતા ન હોવાનુ સોગંદ ઉપર જણાવેલ છે હાલનો રેફરન્સ અરજદારોએ ૨૦૧૩ માં દાખલ કરેલ છે અને આંક-૧૫ ની અરજી તા.૫/૫/૧૬ ના રોજ રજુ કરેલ છે આવા સંજોગોમાં આટલા લાંબા સમય બાદ ઉપરોકત દસ્તાવેજોની માંગણી કરેલ છે વળી અરજદારોએ નોકરીમાં દાખલ

થયા બાદ ખુબજ લાંબા સમય બાદ તેની નોકરીમાં દાખલ તારીખ ખોટી હોવાની રજુઆત કરેલ છે તે સંબંધે અરજદાર તરફથી કોઈ સક્ષમ અધિકારીને સંસ્થામાં નોકરીની દાખલ તારીખ ખોટી લખાયેલ છે તે સંબંધે કોઈ ફરીયાદ પણ જે તે સમયે કરેલ નથી પાછળથી આવી તકરાર ઉભી કરેલ છે. વળી, આ કામમાં આંક–૨૨ થી કામદાર નરેશ દાનાભાઈ સોલંકી તથા આંક–૨૬ થી પરમાર નટવરભાઈ હરીભાઈનું એફીડેવિટમાં સંસ્થામાં ખરેખર દાખલ તારીખ અનુક્રમે તા.૧/૩/૯૬ અને તા.૧/૧/૯૫ હોવાનું જણાવેલ છે જયારે આંક–૧૫ ની અરજીમાં સને ૨૦૦૬ થી ૧૦ ના વર્ષની ખાતાવહી, રોજ મેળની માંગણી કરેલ છે જેથી સને ૧૯૯૫ – ૧૯૯૬ ના વર્ષમાં ખરેખર દાખલ તારીખના નિર્ણય સંબંધે ઉપરોકત દસ્તાવેજો સંબંધે એડવર્ષ ઈન્ફરન્સ ડ્રો થઈ શકે નહીં કારણ કે ૨૦૦૬ થી ૨૦૧૦ ના વર્ષના દસ્તાવેજોને આધારે કોઈ ન્યાયિક નિર્ણય થઈ શકે નહીં સને ૧૯૯૫ – ૧૯૯૬ ના વર્ષમાં ખરેખર નોકરીમાં દાખલ થવાની તકરાર છે આવા સંજોગોમાં ઉપરોકત હકીકતે ચર્ચા કર્યા મુજબ આ દસ્તાવેજો સંબંધે માંગણી કરેલ છે તે અંગે એડવર્સ ઈન્ફરન્સ ડ્રો કરવા પાત્ર થતુ નથી. આમ ઉપરોકત હકીકતો લક્ષમાં લેતા કામદાર નરેશભાઈ દાનાભાઈ સોલંકી સામાવાળા સંસ્થાઓમાં તા.૧/૩/૯૬ ના રોજ તથા નટવરભાઈ પરમાર તા.૧/૧/૯૫ ના રોજ દાખલ થયેલ હોવાનુ માની શકાય તેમ નથી. જયારે બાકીના પરીશીષ્ટ–અ માં દર્શાવેલ કામદારો સંબંધે કોઈ મૌખીક પુરાવો રજુ થયેલ નથી આવા સંજોગોમાં પરીશીષ્ટ–અ માં દર્શાવેલ સાચી દાખલ તારીખવાળા ઓળખપત્ર ઈસ્યુ કરવાની દાદ અરજદારો પુરવાર કરવામાં નિષ્ફળ નિવેડલ છે. હવે પરીશીષ્ટ–અ ની દાદ નં.૨ અન્વયે જોઈએ તો તેમાં કામદાર દિલીપભાઈ રામજીભાઈ અને રણજીતસિંહ ભાવસિંહ પાસેથી ડીસેમ્બર–૨૦૧૧ માં સંસ્થા ધ્વારા ધાક–ધમકી અને બળજબરીથી રાજીનામા લઈ તેઓને હાલમાં એચ.એલ.પરીખ ટ્રેડલીંકમાંથી અંબીકા ઈન્ડસ્ટ્રીઝમાં સમાવી લેવામાં આવેલ છે અને તેઓ પાસેથી લેવામાં આવેલા રાજીનામા રદ કરી તેઓની સળંગ નોકરીના વર્ષો પ્રમાણે ૩૦ દિવસ પ્રમાણે તાત્કાલીક દિન–૭ માં ૧૦ % વ્યાજ સહીત વળતર ચુકવી આપવાની માંગણી કરેલ છે તે માંગણી સંબંધે ઉપરોકત કામદાર દિલીપભાઈ રામજીભાઈ અને રણજીતસિંહ ભાવસિંહ એ કોર્ટ રૂબરૂ આવીને ઉપરોકત દાદ સંબંધે કોઈ સોગંદ ઉપર પુરાવો રજુ કરેલ નથી ધાક–ધમકી અને બળજબરીથી રાજીનામા લીધેલા છે કે કેમ? તે સંબંધ ભોગ બનનાર કામદાર પુરાવો ન આપે ત્યાં સુધી માની શકાય નહીં અન્ય કામદારોના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વળી ભોગ બનનાર કામદારોને ધામ–ધમકી આપેલ તે સંબંધે કોઈ પોલીસ ફરીયાદ કરેલ હોય તે સંબંધેનો કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી આવા સંજોગોમાં હાલની દાદ મંજુર થવા પાત્ર નથી. આમ ઉપરોકત તમામ હકીકતે ચર્ચા કર્યા મુજબ અરજદાર માંગ્યા

મુજબની દાદ મેળવવા પાત્ર થતા હોવાનુ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

-: **હુ ક મ** :-

(૧) અરજદારનો રેફરન્સ (ડીમાન્ડ) નં.૪૩/૨૦૧૩ નામંજુર કરવામાં આવે છે.

(૨) રેફરન્સ કેસના સંજોગો જોતાં ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) એવોર્ડ પ્રસિધ્ધ થયેથી રજિસ્ટ્રારશ્રીએ નકલ આપવા સંબંધે મજુર અદાલત (પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો ૧૯૪૭ ના નિયમ-૩૨ મુજબ નિયમો અનુસારની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

સ્થળ:-અમદાવાદ
તારીખ:૧૪/૧૦/૨૦૨૧

(નાગદાનભાઈ કે. ડાભી)
પ્રમુખ અધિકારી,
લેબર કોર્ટ નં.૫, અમદાવાદ.
CODE:GJ01030